ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

KRCSC BHAVNAGAR

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

"વિજ્ઞાન ભવન" પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

**Phone** : 0278-2570110, 2570111 **Email** :krcscbhavnagar@yahoo.co.in **Website** : www.krcscbhavnagar.org

## અખબાર યાદી

Date : 9th May, 2017

પ્રતિ,

તંત્રી શ્રી,

.............................................................................,

ભાવનગર.

લોક વિજ્ઞાન કેન્દ્ર દ્વાર તા. ૧૦ મે ૨૦૧૭ને બુધવારે સાંજે ૦૭:૦૦ કલાકથી તખ્તેશ્વર મંદિર ખાતે ટેલીસ્કોપથી

# ૨૯૫ વર્ષે પહેલાની બુદ્ધ પૂર્ણિમા જોવાનો અનેરો અવસર.

ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ અને ટેકનોલોજી, ગાંધીનગર દ્વારા પ્રેરિત અને કલ્યાણ ફાઉન્ડેશન, ભાવનગર દ્વારા સંચાલિત કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર જીલ્લામાં ગણિત, વિજ્ઞાન તેમજ ખાગોળ વિજ્ઞાન પ્રત્યે જાગૃતિ લાવવાના ઉમદા હેતુ સાથે ૧૫ વર્ષથી કાર્યરત છે.

અવકાશ વિજ્ઞાન પ્રત્યે લોક જાગૃતિ લાવવા અને લોકોને અવકાશમાં જોતા, જાણતા અને સમજતા કરવા માટે વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા વર્ષ દરમ્યાન અનેક ખગોળીય ઘટનાએ ટેલીસ્કોપ દ્વારા નિહાળવા માટેનાં કાર્યક્રમો અને સંવાદો યોજવામાં આવે છે.

કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર દ્વાર કાર્યરત **ભાવનગર એસ્ટ્રોનોમી કલબ (BAC)** દ્વારા આગામી તા.૧૦મી મે ૨૦૧૭ના રોજ બુદ્ધ પૂર્ણિમા અંતર્ગત બુદ્ધ પૂર્ણિમાના ચંદ્રને નિહાળવા તેમજ ચંદ્ર વિષે લોકોને માહિતગાર કરવા માટે તા. ૧૦ મે ૨૦૧૭ને બુધવારે સાંજે ૦૭:૦૦ કલાકથી ૯ કલાક દરમ્યાન તખ્તેશ્વર મંદિર ખાતે ટેલીસ્કોપથી ચંદ્ર અને ગુરુ ગ્રહને નિહાળવા માટેનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં ૨૯૫ વર્ષ પહેલા બુદ્ધ પૂર્ણિમા જે રાશી, નક્ષત્ર અને ચોઘડીયામાં થવા પામી હતી એ જ ૨૯૫ વર્ષ પછી આજના દિવસે થવા જનાર છે. આ બુદ્ધ પૂર્ણિમાના દુર્લભ યોગથી જાહેર જનતાને માહિતગાર કરવા લોક સંવાદ અને ચલચિત્રની મદદથી ભાવેણાના ખગોળપ્રેમી પ્રોફેસર શ્રી સુભાષભાઈ મહેતા અને **ભાવનગર એસ્ટ્રોનોમી કલબ (BAC)**ના સભ્યો દ્વારા માહિતી આપવામાં આવશે.

કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર દ્વાર કાર્યરત **ભાવનગર એસ્ટ્રોનોમી કલબ (BAC)** દ્વારા ટેલીસ્કોપની મદદથી ચંદ્ર અને ગુરુ ગ્રહ તેના ઉપગ્રહોને નિહાળવા માટેની વ્યવસ્થા કરવામાં આવનાર છે. આ ઘટનાને નિહાળવા ભાવેણાની ખગોળપ્રેમી જનતાને લોક વિજ્ઞાન કેન્દ્રના ચેરમેન ડૉ. ભાવેશભાઈ ભરાડ દ્વારા જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

(હર્ષદ જોષી) ૧.૫.'૧૭

ઓફીસ ઇન્ચાર્જ,

કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર.